॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ : ૦૭ | શુક્રવાર | તા.: ૧૬.૧૨.૨૦૨૨ | SDP No. : 967 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

મારી પ્રથમ સેલેરી તો જીવદયાના કાર્યો ને અર્પણ - ડો. પ્રાચીબેન હરિભાઈ ચુનીલાલભાઈ મેઘાણી (ચેન્નઈ)

જીવદયાના કાર્યોની વાત આવે કે સામાજીક કાર્યોની,ચુનીબાપા નું દિલ હંમેશા દરિયાદીલના દર્શન જરૂર કરાવે.

બેઠા ચેન્નઈ ઓફિસમાં હોય પણ પળેપળની અંગીયા ગામની ચિંતા ચુનીબાપા જરૂર કરે..!! પંદરે દી ટેલિફોનિક ચર્ચા કરી ને સમાજ અને ગામના સમાચાર જરૂર જાણે..

એવા વડીલ વળી જીવદયાના કાર્યોમાં ગૌ સેવા , પક્ષીચણ કે કોઈ ને મેડિકલ જરૂર જણાય એટલે માત્ર મેસેજ મળે એટલે તરત જ બીજી મિનિટે સેવા માટે તત્પર હોય..

દાદા ચુનીબાપા નો અંગીયા પ્રત્યેનો પ્રેમ અને ત્યાં થતી ગૌ - સેવા જેવી સેવાકીય પ્રવૃત્તિઓથી વાકેફ ડો.પ્રાચીબેન એ નક્કી કર્યું કે દાદા મારે મારી પ્રથમ સેલેરી માંથી રૂપિયા 5,000/- અંગીયા સેવાકીય પ્રવૃત્તિ થઈ રહી છે , એ સેંવાયજ્ઞમાં નાની આહુતિરૂપ મને આપવા છે.. દાદા અને તેમના ફાધર પિતા પપ્પા હરિલાલ નો સેવાકીય સાથે પરોપકારી સ્વભાવની ડો.પ્રાચીબેનમાં જરૂર ઝલક દેખાય છે..

મા ઉમિયાજી અને ગૌ માતાની ખૂબ કૃપા ડો.પ્રાચીબેન તમારા ઉપર થાય .. આપ હજુ પણ ટોપ લેવલના તબીબી ક્ષેત્રે પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ અને પ્રાર્થના..

મનોજ વાઘાણી (મૂછાળા)
નાના અંગીયા
કચ્છ રીજીયન પ્રવક્તા

સનાતની ગૌરવ નો શંખનાદ - સૌરાષ્ટ્ર ઝોન

શ્રી સમાજ આમ જનતા નાં અભિગમ અને સંગઠન ની વર્ષો ની સનાતની જાગૃતિ કાજે આગામી મે માસ માં સનાતની શતાબ્દી મહોત્સવ નું વિરાટ આયોજન કરવાનું નક્કી કરેલ છે.

જે માટે આયોજન ચેરમેન અને સુવ્યવસ્થા અને વ્યાપકતા કાજે આખી આયોજન ની ટીમ ને ચૈતન્ય સ્ફુતી ઉત્સાહ પૂર્વક કર્મઠ કાર્ય પરિપૂર્ણ કરવા ઘટક સમાજ સુધી આ શતાબ્દી મહોત્સવ નું આગોતરું આમંત્રણ અને સમાજ ના વિકાસ વ્યવસ્થા ને ચરિતાર્થ કરવા સનાતની ગૌરવ નો શંખનાદ નો અવસર નો શુભારંભ સૌરાષ્ટ્ર ઝોન માં વિવિધ ઘટક સમાજ માં આજથી પ્રારંભ કરવામાં આવે છે. જેમાં સમાજ નાં અગ્રીમ કર્ણધાર અને આયોજન સમિતિ ની ટીમ સાથે ઝોન સમાજ અને યુવાસંઘ અને મહિલાસંગ નાં સ્થાનિક કર્ણધાર સાથે સંકલન સંગઠન અને સંકલ્પ સિદ્ધ કરવા નું આયોજન કરવામાં આવેલ છે..

જે મુજબ સ્થાનિક સમાજ માં નિવાસી પરીવાર વર્તમાન સમયે સમાજ નાં વસ્તીપત્રક માં નોધણી પૂર્ણ કરવાનો અભિગમ સાર્થક કરવો સાથે સાથે ચાલી આવતી પરંપરા મુજબ ઘર વાપસી ને આવા પ્રસંગે સ્વીકાર અને સ્નેહ આપી જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.. જેથી તેઓ પણ પરીવાર નો નોધણી નબર ધારણ કરે અને રાહત તેમજ ઉત્સાહ નાં દરેક પ્રસંગે સનાતની સમાજ ના અદભુત સ્નેહમિલન નાં વાતાવરણ માં સ્થાપિત થાય..

સાથે આવનાર સમય ની વિટંબણાઓ અંગે ચર્ચા અને તેના માટે ની સફળતા મેળવવા નો રોડ મેપ પણ ત્યાર વૈચારિક આદાન પ્રદાન થી જરૂર સાર્થક થશે..

નવી પેઢી ને સનાતની સંસ્કૃતિ નો ઉમદા વારસો ગૌરવ સાથે નો અર્પણ કરવાનો આ સમય નો થીમ પ્રોજેક્ટ છે જેને ચરિતાર્થ કરવા સહુ કટિબદ્ધતા થી જોડાઈ જઈએ..

વળી અનોખુ એવી રદ્દી સે સમૃદ્ધિ નું વૈશ્વિક કાર્ય જે ઘર ઘર ની પતે પતે રદ્દી એટલે પસ્તી એકત્ર કરવાની ઝુંબેશ ને વેગવંતી બનાવવા સંકલ્પ કરવા નો પ્રયાસ પણ કરવામાં આવશે .

સ્થાનિક સમાજ માં ઉત્સાહ અને ઊર્જા નાં સ્પંદન વિકસે તેઓ પણ પ્રયાસ કરવાથી રદ્દી સે સમગ્ર કાર્ય ને બિરદાવવા નો આ સનાતની શતાબ્દી મહોત્સવ નો શંખનાદ કરવામાં આવશે..જેનો કાર્યક્રમ નીચે મુજબ રાખવામાં આવેલ છે...

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ..
સૌરાષ્ટ્ર ઝોન

હોદેદારો, ઘટક સમાજના કર્ણધારો આગામી 16 તારીખથી ઝોનની સનાતની ગૌરવ નો શંખનાદ એજ સંપર્ક યાત્રા માટે હોદેદારો પ્રયાણ કાજે નીકળવાના છે. જેમાં નીચેના મુદ્દા માટે મળવાના છીએ. ભૂમિ દાન, રદ્દી થી સમૃદ્ધિ, તથાઆરોગ્ય લક્ષી કેમ્પ નું આયોજન.

તો નીચે મુજબ સનાતની સંખનાંદ નો પ્રવાસ નું આયોજન સૌરાષ્ટ્ર માં ગોઠવાયું છે.

સનાતની ગૌરવ નો શંખનાદ ગોઠવેલ છે....

તા..16..12..22. શુક્રવાર
રાજકોટ. (પશ્ચિમ) સાંજે... ૦૬ વાગે.
રાજકોટ. (પૂર્વ) ..રાત્રે... ૦૯ વાગે
તા.17..12..22.. શનિવાર
ગોંડલ.....સવારે..૦૯ વાગે
જેતપુર.....સવારે...૧૧ વાગે
વેરાવળ.....રાત્રે....૦૯ વાગે
તા.18..12..22. રવિવાર
ઉના.....સવારે...૧૧ વાગે
અમરેલી, તથા ગ્રામ્ય...૮.૩૦ રાત્રે
તા.19..12..22. સોમવાર
ભાવનગર....સવારે..૧૧ વાગે
બોટાદ.....બપોરે...૦૩ વાગે
લિબડી...સાંજે....૦૬ વાગે
જોરાવર નગર.રાત્રે..૦૯ વાગે
તા.20..12..22. મંગળવાર
ધ્રાંગધ્રા, કોંઢ..સવારે ૯.૩૦વાગે
હળવદ.... સવારે..૧૧.૩૦
સરા,થાન,ચોટીલા.. ૦૩ વાગે
વાંકાનેર.....સાંજે...૦૫ વાગે
મોરબી.....રાત્રે..૦૯ વાગે..

શ્રી સમાજ રચિત
આયોજન સમિતિ.

દેહદાન કરી પ્રભુ નાં પર્યાય બન્યા માતુશ્રી દેવકી બેન રૂડાણી (બાલોદ)

માનવતા ગૌરવ એવોર્ડ દ્વારા દેહદાતા માતુશ્રી નાં પરિવાર જનો ને કૃતજ્ઞતા અર્પિત અર્પિત કરતા CG Region નાં કર્ણધારો

ચક્ષુદાન માટે તો જન સમુદાય માં સારી જાગૃતતા છે અને સારા એવા પરિણામ જોવા પણ મળે છે પણ દેહદાન તો ખરેખર કોઈ વીરલાઓજ કરી શકે છે.

હાલ માંજ બાલોદ ખાતે માતુશ્રી દેવકીબેન રામજી ભાઈ રૂડાણી નું દેહદાન કરવા માં આવ્યું

માતૃશ્રી દેવકી માં એ જીતેજી આત્મ પ્રેરણા થકી જે દેહદાન નો સંકલ્પ લીધો એ જે અદભુત રીતે સિદ્ધ થયો , એ સાર્થક સ્વરૂપ જોઈ એવુંજ લાગે કે જાણે આ કોઈ ઈશ્વરીય યોજના હતી.

Covid કાળ જેવી વિષમ પરિસ્થિતિ માં આપણે સહુ એક ડોક્ટર માંજ ઈશ્વર નું સ્વરૂપ જોઈ રહ્યા હતા. નિકટ ભવિષ્ય માં પણ ઘણા એવા Health Challanges આવવાનાં છે. જેના માટે કરીને એવા નિપુણ ડોક્ટરો તૈયાર થવા એ આજ સમય ની માંગ છે. અને એ ત્યારેજ શક્ય છે જ્યારે કોઈ જાગૃત આત્મા પોતાનો દેહદાન કરે.

આજ ખરા અર્થ માં માતુશ્રી પ્રભુ નું પર્યાય બન્યા છે. અને એમના સંકલ્પ ને સિદ્ધિ મેળવવા માં જે એમના જાગૃત પરિવાર જનો એ જે સમયસૂચકતા ની સાથે પોતાના વિવેક નું પરિચય આપેલ એ ખરેખર સમાજ માં પ્રેરણા નાં સ્રોત બન્યા છે.

Health n Disaster Management Team ની એક ખૂબજ અતિ સન્માંનનીય અને જનકલ્યાણ પ્રવૃત્તિ એટલે કે માનવતા ગૌરવ એવોર્ડ થી માતુશ્રી ને કૃતજ્ઞતા અર્પણ કરતા એમના પરિવાર જનો ને એ સમ્માન ચિન્હ છત્તીસગઢ રીજીયન નાં કર્ણધારો દ્વારા આપવામાં આવેલ.

છત્તીસગઢ મિશન ચેરમેન પવન દિવાણી પણ આ અતિ વિશિષ્ઠ પળ ના સાક્ષીદાર બન્યા હતા અને એનું ખૂબ સુંદર વિવરણ પર પોતાની કલમ ચલાવી છે , જે નીચે મુજબ છે...

બાલોદ દેહ દાન કરેલ માતુશ્રી માં પરિવાર સાથે કરેલ વાર્તાલાપ ના મુખ્ય બિંદુ:

સ્વ. માતુશ્રી ના ચાર દીકરાકેશવલાલ, શામજીભાઈ, રામજીભાઈ અને જયંતિભાઈ

- સર્વ પ્રથમ છત્તીસગઢ યુવાસંઘ ની ટીમ જેમાં યુવાસંઘ CG રીજીયન ના
- પૂર્વ પ્રમુખ નરેશ દિવાણી
- મિશન ચેરમેન પવન દીવાણી
- હેલ્થ convenor CG ચંદન રામાણી
- સેન્ટ્રલ બીઝનેસ cell PDO ચેતન માકાણી
- હેલ્થ નાં રાજનંદગામ નાં કનવિનર અનિલ લીંબાણી
- બલોદ યુવા મંડળ ના પ્રમુખ ધીરજ રામાણી
- દલ્લીરાજહરા યુવક મંડળ પ્રમુખ વિનોદ

અને સાથે રાયપુર અને બાલોદ યુવા મંડળ ના સદસ્યો પણ ઉપસ્થિત થયા હતા

સર્વ પ્રથમ વિશ્વંભરી નો પાઠ કરીને માતુશ્રી ની આત્મા ને માં ઉમિયા શાંતિ અર્પે એવી પ્રાર્થના કરી અને પરિવાર ને સાંત્વના પ્રેશિત કરી

ત્યારબાદ સ્વર્ગસ્થ માતુશ્રી ના સૌથી નાના દીકરા જયંતિભાઈ દ્વારા માતુશ્રી દ્વારા દેહદાન નો જે સંકલ્પ લીધો હતો તે બાબત એમને જણાવ્યું કે માતાજી એ અમને કહ્યું અમુક સમય પેલા દેહદાન ની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે પરિવાર ને એમ થયું કે આ કેમ થશે, એમનું તારણુંકે અંતિમ ક્રિયા કેમ કરશું અને જો એ ક્રિયા ના થાય તો શું થશે એમ ગહન વિચાર કરવા લાગ્યા , પણ માતુશ્રી ના સંકલ્પ ને ઈશ્વર નો પણ આશીર્વાદ હતો એમ લાગ્યું એટલે કે દેહદાન અને તર્પણ વિધિ ના જે પ્રશ્નો અને મુંજવતા હતા તે બાબત ના જવાબ પ્રભુ પ્રેરણા થી પોતેજ પ્રકટ થતા ગયા અને સંબંધિત વ્યક્તિ પણ અકસ્માતે મળતા ગયા

તર્પણ વિધિ બાબત એક મહાત્મા અકસ્માત ઘેર આવ્યા અને પરિવારે એમની સામે શંકા નું સમાધાન સ્વરૂપે વિમાસણ ની રજૂઆત કરી અને મહાત્મા એ સનાતન સંસ્કૃતિ અને શાસ્ત્રો મુજબ કહ્યું કે મનુષ્ય ના નખ અને માથા ના વાળ આ બન્ને સજીવ છે એટલે મનુષ્ય ના મર્યા પછી પણ આ બન્ને વસ્તુ જીવિત રહે છે એમ શાસ્ત્ર માં પણ વર્ણન છે, એટલે એમના નખ ને નેલકટર થી કાપી લ્યો અને થોડાક વાળ કાપી લ્યો પછી શરીર ને માનવ જીવન નાં રક્ષણ કાજે હોસ્પિટલ ને દાન આપી દયો, પરિવારે નખ અને વાળ કાપી ને body મેડિકલ કોલેજ ને દાન આપી દીધી અને મહાત્મા એ નદી ના કિનારે બહુજ સુંદર અને શાસ્ત્ર ના પ્રમાણે પૂરી તર્પણ વિધિ કરાવી અને તે વસ્તુ નું અંતિમ ક્રિયા પણ કરાવી અને પછી રાખ પણ આપી અને કીધું કે આને હરિદ્વાર કે વૃંદાવન માં ગંગાજી ને અર્પણ કરી દેજો

એટલે ઈશ્વર ની કૃપા થી દેહદાન પણ થઈ ગયું અને તર્પણ વિધિ પણ પૂર્ણ થઈ અને પરિવાર ને શાંતિ નો પણ અનુભવ થયો

ત્યારબાદ ટીમ દ્વારા પરિવાર ને માનવતા ગૌરવ એવોર્ડ પણ અર્પણ કરવામાં આવ્યું અને શ્રીસમાજ, યુવાસંઘ અને મહિલાસંઘ દ્વારા આવા પ્રશંસનીય દેહદાન ના કાર્ય બાબત પરિવાર ને ધન્યવાદ ના ભાવ પણ અર્પણ કરવામાં આવેલ.

પરિવાર તરફથી સ્વ.માતુશ્રી અને શ્રી પાટીદાર યુવક મંડળ બાલોદ ના નામથી શ્રી સમાજની શિક્ષણ નિધિ માં પણ પોતાની આહૂતિ પ્રેષિત કરવા માં આવેલ.

Health N Disaster Management Team વૈકુંઠ વાસી માતુશ્રીની આત્મા ને શાંતિ અને સદગતિ મળે એમના માટે પ્રાર્થનારત્ત છે અને પ્રત્યક્ષ અપ્રત્યક્ષ રૂપ થી જેમને પણ આ સંકલ્પ સિદ્ધિ ને સાકાર રૂપ આપેલ એમને હૃદય પૂર્વક નમન કરે છે..વંદન કરે છે..

Regards..
Health N Disaster Management Team Forest Council PDO
ARCHANA SHAILESH RANGANI

Central HOD Health N Disaster Management Team
નવીન જબુવાણી ની કલમ થી..

પ્રભુ ના પર્યાય સમાં સ્વ. માતુશ્રી દેવકીબેન તેમજ રૂડાની પરિવાર બાલોદ, ,છત્તીસગઢ યુવા મંડળ ટીમ સર્વે ને આ સર્વોત્તમ કાર્ય માટે સમસ્ત હેલ્થ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ આપને વંદન કરે છે

ઇશ્વર ની કૃપા કહો યા પ્રભુ ની ઈચ્છા બહુજ મુજવતો પ્રશ્ન કે અંતિમક્રિયા નહિ થાય એ દેહદાન માં સહુ થી વધારે મુજવણ કરાવે છે, પ્રભુ એ સંત ને મોકલ્યા અને રૂડાણી પરિવાર ને જે માર્ગદર્શન કર્યું , હું તો એમ કહું કે આપણે સર્વે માટેજ પરમાત્મા એ સંત ને સાચા સમયે મોકલ્યા છે, દેહદાન કરવું એક અલખ જગાડવા જેવું જ ભગીરથ કાર્ય છે અને હવે આપણને અંતિમવિધિ માટે ના પ્રશ્નો ના જવાબ મળી ગયા છે , નેત્રદાન , અવયવદાન, તેમજ દેહદાન જેવા ભગીરથ કાર્ય કરી ને આપણા સ્નેહીઓ ને પ્રભુ ના પર્યાય બનાવીએ , અમર બનાવીએ

Love your self Do exercise everyday pls
Naveen Jabuwani (H&D Management Team HOD)

શ્રી ABKKP સમાજ ની શિક્ષણ નિધિ માં દેહદાતા માતુશ્રી નાં પરિવાર જનો ની પ્રેમ ભરી આહુતિ

ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી

સ્વ. રવજીભાઈ નારાયણભાઈ નાથાણી
ઉંમર 95 વર્ષ,
સ્વ. તારીખ 06.12.22
નખત્રાણા (નવાવાસ)
હાલમાં :- ભ્રહ્માવર - ઉડપી

અમારાં માવિત્ર જે અમારા પરિવાર માટે એક છત્રછાયા હતી અમારાં માવિત્ર ઘણું જીવ્યા અને સારૂ જીવ્યા અને તેમનો સ્વભાવ નિસ્વાર્થ, સંતોષકારક અને હંમેશા હસતો ચહેરો કોઈ દિવસ કોઈની મારી તારી નહીં ઉમર ના હિસાબે ઘરે ત્રણ પડ પોંહ્ત્રા સાથે તેમનાં જેવાં થઈ ને સમય પસાર કરતા હતા હાલમાં એ પડ પોંહ્ત્રા ઘરમાં પર દાદા ને શોધી રહ્યા છે પણ હતાશા મળી રહી છે પરિવાર પણ આ શાંતિ પ્રિય બાપા ની વિદાય થી ગમગીન છે આવા વડિલ ની સેવા થી વંચિત થઈ ગયા છે તેનો અફસોસ છે ખરેખર વડિલ ની છબી માનસ પટમાંથી નીકળતી નથી ભૂલવું અઘરું છે પણ સત્ય ને સ્વીકારવું પડશે.

માટે હે.. પરંમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્મા ને આપના શ્રી ચરણોમાં સ્થાન આપજો અને સદગતી એવમ્ શાંતિ પ્રદાન કરશો એવી અમારી કરબધ પ્રાર્થના છે.

ૐ શાંતિ .. શાંતિ .. શાંતિ ..
સદગત એવાં અમારાં વડિલ ને પણ અમો પ્રાર્થના કરીશું કે આપના આશિર્વાદ અમોને હંમેશા મળતાં રહે.

પુત્રવધૂ તથા પુત્ર :-
મંજુલાબેન કરશનભાઈ નાથાણી | સ્વ. ભાઈ શ્રી મગનભાઈ નારાયણભાઈ નાથાણી
બેંગ્લોર નો સમસ્ત પરિવાર.

પોંત્રા વધૂ તથા પોત્રો
નીતાબેન ભાવેશભાઇ નાથાણી
પોત્રી જમાઈ :- જયશ્રી બેન વિજયકુમાર છાભૈયા - ગોવા
પોત્રી જમાઈ :- દિપાબેન નીતિનકુમાર છાભૈયા - દાવનગિરિ
પડ પહોત્ર :- રાધુ , વેશનવી, શિવા

ફર્મ :- પ્રભાત સો મીલ, હેબરી રોડ ભ્રહ્માવર, જીલ્લો ઉડપી

અભિનદન હેત લીંબાણી ને



હેત પટેલ લીંબાણી , હુબલી ની ટીમ માં સામેલ.

હેત લલિત લીંબાણી
કચ્છમાં મથલ
હાલે હુબલી કર્ણાટક

સંપર્ક -9845708138
લલિત રતનસિંહ લીંબાણી
હેત ના પિતા

Under ૧૫ માં તેનો કર્ણાટક ની ટીમ માં સમાવેશ થયો છે..

આ રમાઈ રહેલ ક્રિકેટ મેચ માં તેમણે ૧૭ ચોકા થી ૧૧૦ રન બનાવી આ મેચમાં સદી ફટકારી ને તેણે પોતાનું કાંડા નું કૌવત દેખાડી હવે આગળ જતાં મોટી ઉમર ની ટીમ માં પણ પ્રવેશ થાય તેવી અત્યારથી શુભેચ્છા પાઠવીએ..

અવસાન નોધ

સ્વ: શંકરભાઈ કાનજીભાઈ દિવાણી
ઉમર : 65 વર્ષ | તા. 15 - 12 - 2022
કચ્છમાં ગામ મોટી વિરાણી
હાલે નાગપુર

શ્રી લક્ષ્મીનારાયણ વિજયતેતરામ

ટ્રસ્ટ રજી. નં. એ / ૧૬૯૯

અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન - સંસ્કાર ધામ, મુ.પો. દેશરપર, તા. ભુજ, કચ્છ - ૩૭૦ ૦૪૦.

Akhil Bharatiya Laxminarayan Sanatan Samaj

Shri Laxminarayan Kendrasthan - Sanskardham, At. Po. Desalpar, Ta. Bhuj, Kutch - 370040.
Ph.: 02832 - 276345, 276044 • E-mail : sanskardham276345@gmail.com • Website : www.shreelaxminarayan.org

તા. ૧.૧૨.૨૦૨૨

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

ગામ : .....

જય લક્ષ્મીનારાયણ સાથે જણાવવાનું કે શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં આવેલ યજ્ઞ શાળામાં નિત્ય સવારે વિષ્ણુ યાગ કરવામાં આવે છે. આ પવિત્ર યજ્ઞમાં બેસવું એ મોટો લ્હાવો છે અને પુણ્યનું કામ છે ભાગ્યશાળીને આ યજ્ઞમાં લાભ મળતો હોય છે આ યજ્ઞમાં બેસવા ઇચ્છતા યજમાનોની નોંધણી કરવામાં આવે છે અને સંસ્થામાં નિયત કરેલ દાન ભેટ રૂ. ૫૧૦૦/- આપીને પોતાને અનૂકુળ તિથિ નોધવી શકે છે એ તિથિ પર દર વર્ષે તેઓ યજમાન તરીકે યજ્ઞમાં બેસીને આ લાભ લેતા હોય છે.

સંસ્થાની સંચાલન સમિતિએ મીટીંગમાં એવો નિર્ણય કરાયો છે કે આ સંસ્થા સાથે જોડાયેલા લક્ષ્મીનારાયણના મંદિરોના પ્રતિનિધીઓને પણ યજમાન તરીકે યજ્ઞમાં બેસવાનો લાભ આપવો અને એમની પાસેથી નિયત કરેલ દાન ભેટ રૂ. ૫૧૦૦/- લેવા નહી, મંદિરનું સંચાલન કરતી સમાજે નકકી કરેલ પ્રતિનિધીઓ આ લાભ મેળવી શકશે અને દર વર્ષે પ્રતિનીધીઓ બદલી પણ શકશે. આ પ્રતિનીધીઓએ સજોડે આવવાનું રહેશે. યજ્ઞની તમામ સામગ્રી સંસ્થા તરફથી આપવામાં આવશે તેનું કોઇ ચાર્જ લેવામાં આવશે નહીં. આ યોજનામાં આ સંસ્થા સાથે જોડોયેલા તમામ ગામના મંદિરોને આ તિર્થ સ્થાનમાં યજ્ઞમાં બેસવાનું પુણ્ય કમાય એવી સંસ્થાની ભાવના છે.

આ યોજના અંતર્ગત સંસ્થાના સભ્યો હોય એવા તમામ લક્ષ્મીનારાયણ મંદિરની સંચાલક સમાજને વારા ફરતી બોલાવવામાં આવશે અને તેની તિથિ અને તારીખ આ સાથે મોકલાવેલ છે. આ નિયત કરેલી તારીખે સવારે મોડામાં મોડા ૧૦ વાગ્યા સુધીમાં આપની સમાજના બે પ્રતિનીધીઓએ સજોડે આવવાનું રહેશે. જેમના હાથે યજ્ઞ કાર્ય કરવામાં આવશે. યજ્ઞની પૂર્ણાહૂતિ થયા બાદ બપોરના ભોજનની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા કરવામાં આવશે. તો આ બાબતે આપની સમાજની મીટીંગમાં ચર્ચા કરી આ યોજનાનો લાભ લેશો અને આ યોજના વિશેના આપના અભિપ્રાય જરૂરથી મોકલશો.

રતિલાલ મ. પટેલ
મહામંત્રી

નિચે જણાવેલી તારીખે ગામના બે જોડકાને હવન માટે મોકલવાના રહેશે

નખત્રાણા તાલુકો

નં.	ગામનું નામ	તારીખ
૧.	વડવા	15.12.2022
૨.	વેરસલપર	17.12.2022
૩.	ખિરસરા	19.12.2022
૪.	સુખપર	21.12.2022
૫.	પિભાપર	23.12.2022
૬.	મગવાણા	25.12.2022
૭.	જીયાપર	27.12.2022
૮.	માધાપર	29.12.2022
૯.	મણીપર	31.12.2022
૧૦.	લક્ષ્મીપર	02.01.2023
૧૧.	કલ્યાણપર	04.01.2023
૧૨.	ભડલી	06.01.2023
૧૩.	થરાવડા	08.01.2023
૧૪.	પિથોણ સત્ય	10.01.2023
૧૫.	પિથોણ લક્ષ્મી	12.01.2023
૧૬.	આણંદસર	14.01.2023
૧૭.	નવી મંજલ	16.01.2023
૧૮.	પલીવાડ	18.01.2023
૧૯.	આણંદપર	20.01.2023
૨૦.	સાંયરા	22.01.2023
૨૧.	દેવપર	24.01.2023
૨૨.	ધાવડા	26.01.2023
૨૩.	અંગીઆ	28.01.2023
૨૪.	નાગલપર	30.01.2023
૨૫.	સાંગનાળા	01.02.2023
૨૬.	નખત્રાણા-નવા	03.02.2023
૨૭.	નખત્રાણા- મધ્ય	05.02.2023
૨૮.	નખત્રાણાપશ્ચિમ	07.02.2023
૨૯.	કોટડા (જ)	09.02.2023
૩૦.	પિરાણી	11.02.2023
૩૧.	સુખપર	13.02.2023
૩૨.	લક્ષ્મીપર નેત્રા	15.02.2023

નખત્રાણા તાલુકો

નં.	ગામનું નામ	તારીખ
૩૩.	દેવીસર	17.02.2023
૩૪.	કોટડા રોહા	19.02.2023
૩૫.	ખોંભડી	21.02.2023
૩૬.	મથલ	23.02.2023
૩૭.	ખીરસરા નેત્રા	25.02.2023
૩૮.	રામપર રોહા	27.02.2023
૩૯.	નારણપર રોહા	01.03.2023
૪૦.	નવાવાસ રવાપર	03.03.2023
૪૧.	રસલીયા	05.03.2023
૪૨	રવાપર	07.03.2023
૪૩.	હરીપર રવાપર	09.03.2023
૪૪.	વાલ્કા મોટા	11.03.2023
૪૫.	પાલનપુર બાડી	13.03.2023
૪૬.	પિગોડી	14.03.2023
૪૭.	રતડીયા	15.03.2023
૪૮.	આમારા	16.03.2023
૪૯.	ભીટારા	17.03.2023
૫૦.	કાટીયા નાના	18.03.2023
૫૧.	ટોડીયા	19.03.2023
૫૨.	એયર	20.03.2023
૫૩.	ઉગેડી	21.03.2023
૫૪.	નાગવીરી	22.03.2023
૫૫.	રામપર સરવા	23.03.2023
૫૬.	ઉખેડા	24.03.2023
૫૭.	દેશલપર ગુતલી	25.03.2023
૫૮.	પાનેલી	26.03.2023
૫૯.	જીંજાય	27.03.2023
૬૦.	નેત્રા દક્ષિણ	28.03.2023
૬૧.	અરલ	30.03.2023
૬૨.	ઘડાણી	31.03.2023
૬૩.	નેત્રા ઉતર	03.04.2023

માંડવી તાલુકો

નં.	ગામનું નામ	તારીખ
૧.	દુજાપર	16.12.2022
૨.	દરશડી	18.12.2022
૩.	મમાયમોરા	20.12.2022
૪.	લુડવા	22.12.2022
૫.	રાજપર	24.12.2022
૬.	ભેંશ્યા	26.12.2022
૭.	પિરાણી નાની	28.12.2022
૮.	વરજડી	30.12.2022
૯.	નવા જામથડા	01.01.2023
૧૦.	રતનાપર મઉ	03.01.2023
૧૧.	ગાંધીગ્રામ	05.01.2023
૧૨.	મોટી રાયણ	07.01.2023
૧૩.	ગઢસીસા નવાવાસ	09.01.2023
૧૪.	મેરાઉ	11.01.2023
૧૫.	મદનપુરા	13.01.2023
૧૬.	જનકપુર	15.01.2023
૧૭.	પદમપુર	17.01.2023
૧૮.	શ્રીરામનગર	19.01.2023
૧૯.	હરીપુરા તલવાણા	21.01.2023
૨૦.	બિદડા	23.01.2023
૨૧.	નાની ખાખર	25.01.2023
૨૨.	રતડીયા	27.01.2023
૨૩.	લાય-ગોધ-કિશનપુર	29.01.2023
૨૪.	દુર્ગાપુર	31.01.2023
૨